# સત્સંગ સૌરભ : ભાગ - ૧

Shree Swaminarayan Gurukul Rajkot

### પ્રાક્કથન

જીવનની સાચી સૌરભ પ્રગટે છે સત્સંગથી. ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું છે કે સર્વ સાધનોમાં સત્સંગ શ્રેષ્ઠ છે. ભગવાન તેમજ તેમના એકાંતિક ભક્તોના પ્રસંગથી સત્સંગ બાગમાં મહેકતાં અનેક જીવનપુષ્પો ખીલે છે.

જ્ઞાનની ગહન વાતો કરતાં સંતો અને ભક્તોના જીવન પ્રસંગો પ્રેરણાદાયક છે ને આપણા અંતરને ભીંજવી જીવન ઘડતર કરે છે. આવા સત્સંગપુષ્પોની અનેરી સુવાસ આપના સુધી પહોંચાડવા માટે આ નાની પુસ્તિકા દ્વારા પ્રશંસનીય પ્રયાસ થયો છે.

આ પુસ્તિકાના લેખક સ્વામી લક્ષ્મીનારાયણદાસજી શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના મુખપત્ર સદ્વિદ્યા માસિકના તંત્રી છે. પૂ. શાસ્ત્રીજી મહારાજની કૃપાથી તેમનામાં લેખનશક્તિ ખીલી. સત્સંગ સૌરભમાં રજૂ થયેલા પ્રસંગોને લેખકે રસાળ શૈલીમાં નિરુપ્યા છે.

અલ્પ સમયમાં એક જ બેઠકે પૂરી થઈ શકે તેવી આ નાનકડી પુસ્તિકા એક વખત હાથમાં લીધા પછી સાંગોપાંગ પૂરી કરવાનું મન થાય એવી એની રોચક અને રસદાયક શૈલી છે.

હાથમાં લીધેલ અત્તરનું પૂમડું છોડી દીધા પછી પણ પોતાની સુવાસ મૂકતું જાય તેમ આ પ્રેરણાદાયક પ્રસંગો વાંચતી વખતે તો આપણા અંતરને રસતરબોળ કરે છે પણ વાંચી લીધા બાદ પણ આપણા અંતરમાં કોઈ અનેરી પ્રેરક સુવાસ છોડતા જાય છે અને એટલે જ આ પુસ્તિકાનું નામ સત્સંગ સૌરભ સાર્થક ઠરે છે.

## પ્રસંગ ૧: રંગ છે રૂપાભાઈને

વીસ વીઘાનો દોઢ માથોડું ઊંચો દેશી ધોળી શેરડીનો રજવાડી વાઢ પવનનાં લેરખામાં આમથી તેમ ઝૂલી રહ્યો છે. લીલોછમ હરિયાળો આ વાઢ જોનારની આંખનેય ઠારે છે પણ રાત વેળાએ કોણ જાણે કયાંથી એક ડાલામથો સિંહ આવીને આ વાઢમાં ઘૂસી ગયો.

દિવસે વાઢમાં પાણી વાળવા ગયેલ પાણતિયે અંદરની બાજુએ ભીના ધોરિયામાં સૂતેલો આ વિકરાળ સિંહ જોયો કે તુરત એના તો હાજાં ગગડી ગયાં. પાણી વાળવું પડતું મૂકીને એતો બીકનો માર્યો વાઢ બહાર ભાગી આવ્યો. થરથર કંપતા એણે વાઢમાં સિંહ ભરાયો હોવાની વાત કરી જેથી વાઢને પાણી પાવાનું હવે મુશ્કેલ બની ગયું.

રાત વેળાએ ઝપટે ચડેલ ઢોર–ઢાંખરનું મારણ કરી આ ડાલામથો દિવસ દરમિયાન વાઢમાં ભરાઈ રહે. રાતે તો ઠીક પણ દિવસેય કોઈ વાઢ તરફ ફરકવાની હિંમત ન કરે એવી સિંહની ધાક પ્રસરી ગઈ.

વાઢમાં સિંહ પેસી ગયાની વાત જાણી ભાવનગરના રાજવી વજેસિંહજીએ સિંહને વાઢમાંથી હાંકી કાઢવા એક બળકમદાર જમાદારને થોડા સિપાઈઓ સાથે ત્યાં મોકલ્યો.

જમાદારે પોતાનો વટ પાડવા વાઢની આસપાસ સિપાઈઓને ગોઠવી બંદૂકના બાર કરાવ્યા એટલે વીફરેલો સિંહ ભૂરાયો થઈ બહાર ધસી આવ્યો ને એક બે સિપાઈને ઝપટમાં લઈ લોહીલોહાણ કરી નાખ્યા. આથી બીજા સિપાઈઓ અને જમાદાર જીવ બચાવવા મૂઠિયું વાળીને નાસી ગયા ને સિંહ તો પાછો વાઢમાં ભરાઈ ગયો.

સિંહ વાઢમાંથી નીકળતો નથી. એના ડરથી ખેડૂતો એ તરફ જતાં થથરે છે. રોજે રોજ ઢોરને ફાડી ખાધાની સિંહની રંઝાડની વાતો સંભળાય છે. બાપુના પ્રયત્નો છતાં સિંહને ઠાર કરવા કોઈ શૂરો આગળ આવતો નથી. દરબારના દિલમાં ચિંતા અને અજંપો ઉમેરાતાં રહે છે. એવામાં કોઈએ બાપુને આ કામ પાર પાડવા રૂપાભાઈનું નામ સૂચવ્યું એટલે રૂપાભાઈના વિરોધીઓએ 'ઠીક ટાઢે પાણીએ ખહ જાહે' એમ માની એ વાતમાં તુરત પોતાનો હાજિયો પુરાવી દીધો.

રૂપાભાઈ તો સ્વામિનારાયણ મહાપ્રભુના આશ્રિત અને ચૂસ્ત સત્સંગી. આ નેકદિલ આદમી વફાદારીથી પોતાની રાજફરજ બજાવે એટલે કેટલાક અમલદારોને એ આંખમાં કણાની જેમ ખૂંચતા. આવા તકવાદીઓએ કાવાદાવા ગોઠવી બાપુના કાન ભંભેરી એમને ચારેક મહિનાથી નોકરીમાંથી છૂટા કરાવી

નાખેલા હતા. રૂપાભાઈને નોકરીમાંથી છૂટા કરાયાની વાત બાપુના ધ્યાનમાં તો હતી જ આમ છતાં નિરુપાયે હવે રૂપાભાઈને પાછા બોલાવવા પડયા હતા.

રૂપાભાઈને સંદેશો મળતા એ બાપુ પાસે આવ્યા. સલામ ભરીને બાપુને અભિવંદન કરી બે હાથ જોડીને ઉભા રહ્યા એટલે બાપુએ કહ્યું, 'રૂપાભાઈ, તમે આજથી તમારી ફરજ પર હાજર થઈ જાવ અને હા, તમારે આપણા વાઢમાં ભરાઈ બેઠેલ સિંહનો સામનો કરી તેને વાઢમાંથી તગેડી મૂકીને પ્રજાને ભયમુક્ત કરવાની કપરી કાર્યવાહી રાજ તરફથી બજાવવાની છે. એ માટે વહેલી તકે તમે આ કામ પાર પાડો એવું અમે સહુ ઈચ્છીએ છીએ.'

'ભલે, એમ કહી પોતાની મૂક સંમતિ આપી રૂપાભાઈ શ્રીહરિને સંભારતા ઘેર આવ્યા. પોતાને સોંપાએલ આ કઠિન જવાબદારીથી પૂરા સભાન રૂપાભાઈએ ઈષ્ટદેવ શ્રીહરિનું આરાધન આદર્યું.

રૂપાભાઈએ આખી રાત પ્રભુસ્મરણમાં ગાળી. વહેલી સવારે શ્રીજીએ દર્શન આપીને કહ્યું, 'રૂપાભાઈ, હિંસક પ્રાણીથી પ્રજાનું રક્ષણ કરવું એતો તમારો ક્ષત્રિયનો ધર્મ કહેવાય. કોઈ જાતનો ડર રાખશોમા. તલવાર તો દરબારની જ સાથે લઈને જજો. જમણે હાથે તલવાર ને ડાબે હાથે ઢાલ તરીકે ગોદડાનો ગાભો વીંટી રાખજો. હિંમત રાખજો અમે તમારા ભેળા જ છીએ. આવું અનેરું માર્ગદર્શન મળતાં રૂપાભાઈએ અહોભાવ સાથે પ્રભુને દંડવત્ પ્રણામ કર્યા. પ્રભુ પધારી ગયા પછી રૂપાભાઈએ અંતરના અદકેરા ભાવથી પ્રાતઃપૂજા કરી.

પ્રાતઃપૂજાથી પરવારી રૂપાભાઈ દરબારને બંગલે આવી બાપુને મળ્યા. બાપુ પાસે એમની તલવાર માગી. બાપુએ સહર્ષ પોતાની તલવાર આપીને જોઈએ એટલા સિપાઈઓને સાથે લઈ જવા કહ્યું. પચાશેક ઘોડેસ્વાર સિપાઈઓને સાથે લઈને રૂપાભાઈ વાઢે પહોંચ્યા.

કુશળતાથી વ્યૂહ રચના વિચારી લઈ વાઢની ફરતે અમુક અંતરે ભરી બંધૂકે ઘોડેસ્વારોને ગોઠવી દીધા. સહુને સાવધાન રહેવા સૂચના આપી. પોતે ડાબે હાથે ગોદડાનો ગાભો બાંધી જમણા હાથથાં બાપુની ફૂલધાર તલવાર લઈ પાણીના મુખ્ય ધોરિયા આગળ આવીને ચાંપતી નજરે ઉભા રહી ગયા. પોતાની બન્ને બાજુ વિશ્વાસુ ને શૂરવીર સ્વારનેય સાવચેત રાખ્યા હતા.

સંકેત થતાં જ સ્વારોએ બંદૂકના બાર કર્યા એથી અકળાએલો સાવજ ઊભા ધોરીએ બહાર ધસી આવ્યો ને ત્યાં ઊભેલા રૂપાભાઈ ઉપરજ તરાપ મારી. સાવધ રૂપાભાઈએ તુરત બાજુએ હટી જઈને એની તરાપને ચુકાવી દીધી. વીફરેલો સાવજ હો હો કરતો રૂપાભાઈને ફાડીખાવા દોડયો કે તુર્ત જ એમણે ગાભો બાંધેલો

હાથ સાવજના ખૂલ્લા જડબામાં આડો ધરી દીધો ! સિંહે જોરથી બચકું તો ભર્યું પણ એના તીક્ષણ દાંત ગાભામાંજ સલવાઈ ગયા એટલે એણે એમાંથી છૂટવા મથામણ આદરી આ બાજુ રૂપાભાઈએ ઉપરા ઉપરી તલવારના ઘા ઝીંકીને સાવજનું ઠાઠું વેતરવા માંડયું ત્યાં તો સ્વારો મદદે આવ્યા. સાવજને ભડાકે દઈ ઠાર કરી નાખ્યો. એનું જડબું ફાડી રૂપાભાઈનો હાથ બહાર કાઢયો. રૂપાભાઈને ડાબે પગે નાના મોટા થોડા જે ઝખમો થયેલા જેમાંથી લોહી ટપકતું હતું.

સામી છાતીએ હિંમતથી સિંહનો સામનો કરનાર રૂપાભાઈને રંગ છે એમ કહી સહુ કોઈ એમને બિરદાવા લાગ્યા.

રૂપાભાઈની વીરતાની વાત બધે પ્રસરી ગઈ. ચિંતિત ચહેરે વાટ જોઈ રહેલા વજેસિંહજીએ આ સમાચાર સાંભળ્યા ત્યારે એ પણ રૂપાભાઈની વીરતા પર ખુશાખુશ થઈ ગયા એટલું જ નહિ બાપુએ કચેરીમાં રૂપાભાઈનું વીરોચિત શાહી સન્માન પણ કર્યું ત્યારે એમના વિરોધીઓ પણ ઝંખવાણા પડી ગયા અને ચારણોએ તો રંગ છે રૂપાભાઈને એમ કહી એમના શૌર્યને ભરસભામાં બિરદાવ્યં હતું.

પરમાત્મા સ્વામિનારાયણ મહાપ્રભુએ પણ રૂપાભાઈને સત્સંગનો ખરો રંગ છે. એમ કહી એમની ધીરજ, પ્રભુનિષ્ઠા, વફાદારી અને શૂરવીરતાને બિરદાવેલ અને બ્રહ્મમુનિએ 'હરિજન સાચારે જે ઉરમાં હિંમત રાખે' એ ચાર પદનું શૂરતા પ્રેરતું કીર્તન આ પ્રસંગને લક્ષમાં રાખીને બનાવેલું જેનાં પદની પ્રત્યેક પંક્તિમાં સત્સંગની સમજણ અને આજ્ઞાપાલનનું શૌર્ય છલકાય છે.

## પ્રસંગ ૨: આશીર્વાદના અધિકારી

ચોમેર ગાઢ અંધકાર પથરાયો છે. આકાશના ચંદરવામાં નાના મોટા અસંખ્ય તારાઓ ચમકી રહ્યા છે. નિરવતા ભર્યા વાતાવરણમાં મંદિરનાં શિખરો પર ધજાઓ ફરફરી રહી છે. સંતોની ધર્મશાળામાં નાનકડો દીવો લબૂક ઝબૂક ટમટમી રહ્યો છે. એક અશક્ત અને વૃદ્ધ સંત સાદા બિછાના પર સૂતા છે. એમની નરમગરમ તબિયત અન કળતરથી તૂટતા શરીરને એક યુવાન સંત મહિમાથી દબાવી રહ્યા છે.

વૃદ્ધ સંતને શરીરે જરા કરાર વળતાં એમને નિરાંતની નિદ્રા આવી ગઈ. આમ છતાં પેલા શ્રદ્ધાળુ સંતે દેહને દબાવવાની સેવા ચાલુ રાખી. એટલું જ નહિ પણ એમ ને એમ જ આખી રાત પસાર થઈ ગઈ અને વહેલી

સવારનાં ચોઘડિયાં સંભળાયાં ! એથી વૃદ્ધ સંતની નિદ્રા તૂટી. એમણે કહ્યું, 'સાધુરામ ! આતો ચોઘડિયાં વાગતાં લાગેછે તો શું તમે આમ ને આમ આખી રાત મને દાબતા રહ્યા છો ?'

"હા સ્વામી, આપને શરીરે કળતર ઓછી થઈને નિરાંતે નિદ્રા આવી એના જતન અને હર્ષમાં રાત કયાં વીતી ગઈ એનું મને કાંઈ ભાન નથી રહ્યું." શ્રદ્ધાળુ સંતે સ્પષ્ટતા કરતાં કહ્યું.

આ સાંભળી વૃદ્ધ સંત સફાળા બેઠા થઈ ગયા ને કરુણાભીના બની કહેવા લાગ્યા, 'ગોપીનાથ, ધન્ય છે તમારી આવી શ્રદ્ધાને ! તમારો આવો સેવાધર્મ જોઈને મારું અંતર તો આજ તમારા તરફ ઢળી પડે છે. બોલો બોલો, મનમાં કાંઈ માગવાની ઈચ્છા છે ?'

"ના સ્વામી, મારા મનમાં આવી કોઈ ઈચ્છા જ નથી. મેં તો આપનો મહિમા જાણીને આ સેવા કરી છે. મને આપની આ સેવા મળી એ જ હું મારા મહદ્ ભાગ્ય માનું છું, આપ રાજી થાવ એટલી જ અંતરમાં ઈચ્છા છે." નમ્રતાથી યુવાન સંતે કહ્યું.

હૃદયનો આવો વિશુદ્ધ ભાવ ને સેવાની આવી ધગશ જોઈને સંતવર્યનું દિલ દ્રવી ગયું. એણે પ્રેમથી પોતાના બન્ને હાથ આ યુવાન સંતના માથા ઉપર મૂકી દીધા. હૈયામાં ઉભરાતા હેતથી કેહવા લાગ્યા, 'ગોપીનાથદાસ, તમારામાં રહેલો આવો નિષ્કામ સેવાભાવ જરૂર તમને પ્રભુની કૃપાનું પાત્ર બનાવશે. તમે વિધામાં પારંગત થશો. સાધુતા અને વિદ્વત્તામાં તમને કોઈ નહિ પહોંચે. સારા વકતા થઈને હજારોને મહારાજનાં ચરિત્રો સંભળાવશો. તમારા હાથે સત્સંગની ઘણી સેવાઓ થશે અને અંતકાળે મહારાજ તમને તેડવા આવશે.'

અંતરના આવા રૂડા આશીર્વાદના અધિકારી હતા જૂનાગઢના યુવાન પુરાણી સ્વામી શ્રી ગોપીનાથદાસજી. સં.૧૯૩૮ના અરસામાં વડતાલમાં રહી તેઓ સંસ્કૃતનો વિધાભ્યાસ કરતા હતા અને હૃદયના આવા અનેરા આશીર્વાદ આપનાર મહા સમર્થ સંત હતા શ્રીજીના દીક્ષિત સદ્‌ગુરુ સ્વામી અદ્ભૂતાનંદજી જેઓ સો વર્ષ જેટલું લાંબું આયુષ્ય જીવ્યા હતા. એમને કોઈ વિમુખોએ આપેલ ઝેરથી શરીરમાં કળતર થયા કરતી. જેથી શ્રદ્ધાળુ સંતો એમને થોડી થોડીવાર દાબતા પણ આજે તો આખી રાત દાબતા રહીને આ શ્રદ્ધાળુ અને સેવાભાવી યુવાન સંતે સેવાધર્મનું ઉમદા દૃષ્ટાંત પૂરું પાડીને હદ કરી નાખેલી.

પુરાણી સ્વામી ગોપીનાથદાસજીના જીવમાં સાધુતા, સેવા, શ્રદ્ધા વિધાપ્રેમનું જોમ તો હતું ને એમાં આવા રૂડા આશીર્વાદરૂપી પાંખો મળી પછી એમાં શું ખામી રહે ! સમર્થ સંત સ્વામી બાળમુકુંદદાસજીના તો એ કૃપાપાત્ર શિષ્ય હતા. વડતાલમાં છ વર્ષ રહી વેદ–વેદાંત, શ્રુતિ–સ્મૃતિ ને શાસ્ત્ર–પુરાણોનું એમણે

ઊંડાણથી અધ્યયન કર્યું હતું. સુંદર છટાદાર ને સુમધુર શૈલીમાં કથા પારાયણો કરી અનેક શ્રોતાઓનાં એમણે દિલ જીતી લીધા હતા. સં.૧૯૪૫માં માવા–મુસાવાળા શેઠે રાજકોટને આંગણે ભવ્ય પારાયણ યોજેલ જેમાં બન્ને દેશના આચાર્યશ્રીઓ; વડતાલથી ધ. ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ અને અમદાવાદથી ધ. ધુ. આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ તેમજ સંતો પધારેલા ત્યારે મુખ્ય વક્તા પુરાણી સ્વામી ગોપીનાથદાસજીની ધીરગંભીર ને ગંગાના વહેતા પ્રવાહ સમી શૈલીમાં કથા સાંભળી બન્ને આચાર્યશ્રીઓ, બન્ને ગાદીના સંત મહાનુભાવો ભારે પ્રભાવિત થયેલા અને એમની સુવાસ સત્સંગમાં ચોમેર પ્રસરી ગઈ હતી.

સં. ૧૯૬૪માં શારદાપીઠના શંકરાચાર્ય માધવતીર્થે દ્વેષથી પ્રેરાઈને જ્યારે આપણા સંપ્રદાય સામે અકારણ કલહ આદર્યો ત્યારે વડોદરા, ઉમરેઠ, નાંદોલ, ભદામ ને છેલ્લે કાશીમાં વિદ્વાનોની સભામાં આપણા સંપ્રદાયના ટોચના આઠ–દશ વિદ્વાનો સાથે રહી પુરાણી સ્વામી ગોપીનાથદાસજીએ વાદવિવાદમાં સામા પક્ષને પરાસ્ત કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.

આવા પ્રતાપી ને સમર્થ સદ્‌ગુરુના શિષ્ય તરીકે સાથે રહીને શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીએ સાધુતા અને સત્સંગની નિષ્કામ સેવાના સદ્‌ગુણો આત્મસાત કર્યા હતા. પુરાણી મહારાજે પણ આ નાના સાધુમાં રહેલ ધર્મનું ઓજસ પારખી લીધેલું જેથી પોતે અંતરના આશિષ ને અદકેરા ભાવથી એમને સંસ્કૃત વિદ્યાભ્યાસ સાથે સંપ્રદાયની પ્રણાલિકાનું શિક્ષણ આપી ઉજ્જવળ ભાવિનું નિર્માણ કર્યું હતું.

સમર્થ સદગુરુ નારાયણદાસજી પ્રસંગોપાત કહેતા 'પુરાણી સ્વામીના દાખડાને આજે આ ધર્મજીવનદાસ શોભાવી રહ્યા છે.'

### પ્રસંગ 3: આસ્થાને ઓથે

'બાપુ ! બાપુ ! ઝટ ઘેર તો હાલો ! આપણી ભૂરીને કાંક થઈ ગયું છે !!' આવા ઉચાટભર્યા સમાચાર સાંભળતા વાંકિયા ગામના કાઠી દરબાર આલેકવાળા 'હેં !! કહેતાકને ડાયરામાંથી સફાળા બેઠા થઈ ઝટઝટ ઉચક મને પોતાના ઘર તરફ ભાગ્યા.

બાપુની ભેંસને વળી શું થઈ ગયું ! એ જોવા અને જાણવા સારુ આખો ડાયરો બાપુની પાછળ આંગણે ધસી આવ્યો. ત્યાં તો ફળીમાં ભોં સાથે ડોક અફળાવતી અને ટાંગા તરફડાવતી હાથણી જેવી આ ભેંસને

આડી પડેલી જોતાં સહુનાં અંતરમાં અરેરાટી થઈ આવી. જાણકારોના મતે ભેંસને એરુ જેવું ઝેરી જનાવર આભડી ગયું હોવાથી એના બચાવની શક્યતા ઓછી હતી.

ટંકે અધમણ દૂધ આપતી પોતાની વહાલસોય ભેંસની આવી દારુણ દશા જોઈ બાપુના વલોવાઈ જતાં અંતરમાંથી પોકાર ઉઠતો હતો, 'બાપ ભૂરી, ઘડીકમાં તને આ શું થઈ ગયું !'

'બાપુ, ભૂરીને એરુ આભડી ગયો હોય એમ લાગે છે માટે હવે વખત ગુમાવ્યા વિના ઝટ એરુ ઉતારનારને બોલાવો તે આ હાથણી જેવી ભેંસ કદાચ બચી જાય.' કોઈ જાણકારે કહ્યું.

સહુ નોખી નોખી સલાહ આપ્યા કરતા હતા એથી બાપુનું દિમાગ કોઈ નિર્ણય કરી શકતું નહોતું એટલે કોઈએ ટહુકો કરતાં કહ્યું, 'હવે બીજે કયાંય ઘોડા કરવા રહેવા ધો ને આ સ્વામી મંદિરમાંથી ભગતને જ અહીં બોલાવી લાવોને !'

'પણ એ ભગત આવશે ? મારે એની હારે અણબનાવ છે.'

'હા હા, બોલાવશો તો એ જરૂર આવશે. ભગત તો પ્રભુના ઘરના પરોપકારી માણસ છે. એ ના તો નહિ પાડે પણ બાપુ, આપ જ ખુદ જાવ. માફી માગીને ભગતનાં મનામણાં કરો.'

'ઠીક ભાઈ, મારે ગરજ છે એટલે હું પોતે જ જાંઉ.' આમ કહી બાપુ ઉઘાડે પગે મંદિરે આવ્યા. ભગત તો મંદિરમાં ઠાકોરજી સામે બેસી માળા ફેરવતા હતા. બાપુએ વિનંતી કરતા કહ્યું, 'ભગત, મારી ભેંસને એરુ આભડી ગયોછે તો તમે ઉતારવા આવશો ?'

'બાપુ, મને એરુ ઉતારવાના કોઈ મંત્રો નથી આવડતા પણ હું તો માત્ર સ્વામિનારાયણના મંત્રો બોલી જાણું છું.' ભગતે કહ્યું.

'ભગત, મોંણ ખાવું હોય તો તમારી મરજી ને આવવું હોય તો હાલો.' આમ કહી બાપુ ઉચાટ ભર્યા પોતાને ઘેર આવતા રહ્યા.

ભગતના મનમાં થયું જો હું નહિ જાંઉ તો કહેશે કે મારી સાથે નથી બનતું એટલે એ ન આવ્યો ને ભેંસ મરી ગઈ. લેને જાંઉતો ખરો. પછી પ્રભુની મરજી. આમ વિચારી ભગતે ઝટઝટ મંદિર વાળી રજની પોટલી બાંધીને પ્રાર્થના કરી. 'હે મહારાજ ! આજ મારી લાજ રાખજો. ભેંસ મરી ગઈ હોયતો એને જીવાડજો. મારે તો તમારી આસ્થા છે.'

આ બાજુ કાગડોળે ભગતની રાહ જોવાતી હતી. છેલ્લે ડચકે આવી ગયેલ ભેંસની ઘડીઓ ગણાતી હતી. બાપુ પાસે જ ઉભા હતા. ભેંસ મરતાં મરતાંય અક્રીટશે ધણી સામે નિહાળી રહી હતી. એવામાં એને મોઢે ઓજ આવ્યાં. જીભ બહાર ખેંચાઈ ગઈ. લીલીકાશ આંખોના બેય ડોળા બહાર નીકળી આવ્યા. એની ડોક મરડાઈ ગઈ ને પ્રાણપંખેએરું ઉડી ગયું. નિશ્ચેષ્ટ પડેલી ભેંસને ભાળી દરબારગઢમાં રોકકળ મચી ગઈ. બરોબર એજ વખતે ભગતે ફળિયામાં પગ મૂકયા ને કોઈકથી સહસા બોલાઈ ગયું, 'હવે બહુ મોડું થઈ ગયું ભગત, તમારે જરા ટાણાસર વહેલું આવવુંતું ને ?'

કશું બોલ્યા વિના ભગતે ભેંસ પાસે જઈ સ્વામિનારાયણ મંત્રના સ્મરણ સાથે ભેંસ ઉપર રજ છાંટી. સહુ એને જોતા રહ્યા.

ભેંસ પાસે બેસી ભગતે 'વદું સહજાનંદ રસરૂપ' એ કીર્તન શરૂ કર્યું. આર્તનાદે પદ પછી પદ ગાતા ગયા અને ભેંસ ઉપર રજ છાંટતા ગયા. જયાં ચોથું પદ પૂરું થયું ત્યાં તો ભેંસના શરીરમાં પ્રાણનો સંચાર થયો અને શ્વાસ આવ્યો. થોડીવાર થઈ ત્યાં તો ભેંસે પોતાની જીભ અંદર ખેંચી લીધી. છેલ્લું પદ બોલાયું ત્યાં તો પાતાની ડોક સીધી કરીને એ ઉભી પણ થઈ ગઈ. ભગતે છેલ્લી ચપટી નાખી એટલે ભેંસ ઘાસની ગમાણ તરફ ચાલતી થઈ. આવો ચમત્કાર જોઈ બાપુ આલેકવાળાથી રહેવાયું નહિ. એણે ભગતના પગ પકડી લીધા. એની આંખમાં હર્ષનાં આંસુ ઉભરાઈ આવ્યાં ને ગદ્ગદ કંઠે એ બોલી ઉઠયા, 'ભગત તમે તો ખરેખર જીવતા જાગતા દેવ છો ! મારી મરી ગયેલી ભેંસને તમે સજીવન કરી ! હું તમારો જીવનભરનો ઋણી છું. મારા આગલા અપરાધો બદલ મને માફ કરો !'

'બાપુ, આ પ્રતાપ મારો નહિ પણ મારા ભગવાન શ્રી સ્વામિનારાયણનો છે. નીતિ નિયમથી ચાલી એનું ભજન કરજો' એમ કહી ભગત સ્મરણ કરતા થકા મંદિરે આવ્યા.

ઈષ્ટદેવની આવી અખૂટ આસ્થાને ઓથે મરી ગયેલી ભેંસની સજીવન કરનાર આ ભક્તરાજ હતા વાંકિયા ગામના દેવરાજબાપા ઠુંમર.

આ પછી ભગતનો સવિશેષ મહિમા પ્રસર્યો. ભગતે ઘણાય પરમાર્થનાં કાર્યો કરેલાં. મદિરમાં ભંડારની અગવડતા હતી એ જાણીને બાપુએ પ્રભાવિત થઈને એ માટે જમીન આપી જ્યાં સંતો માટે ભંડાર કરવામાં આવેલો જે આ પ્રસંગની સાક્ષીરૂપે આજેય એ ભંડાર હયાત છે. આ વાંકિયા ગામમાં સત્સંગ ઘણો સારો છે.

## પ્રસંગ ૪: દયાળુ સંતની દુઆ

'સ્વામીજી ! આ સાધુના બન્ને હાથમાં તો ભયંકર ગેગ્રીન છે. આ રોગ તો કોઈપણ ઉપાયે મટી શકતો નથી. હા, એને અટકાવી જરૂર શકાય પણ સડો તો કાંડાં સુધી પહોંચી ગયો છે એટલે હવે કાંડા પાસેથી હાથ કાપ્યા વિના કોઈ ઉપાય કે છૂટકો નથી. વળી અંદર સડો તો વધતો જ જાય છે. જો હવે જરાય મોડું કરશો તો વધારે હાથ કાપવા પડશે.' રાજકોટની સિવિલ હોસ્પિટલના નિષ્ણાત સર્જને વડીલ સંતને નિદાનનો ગંભીર રિપોર્ટ આપતાં કહ્યું.

'સાહેબ, આપની વાત તો જાણે સાચી પણ અમારેય આ બાબત પર આગળ પાછળ વિચાર તો કરવો પડેને ? અમે એકાદ બે દિવસમાં જ અમારો નિર્ણય આપને જણાવીશું.' જેતપુરથી સાથે આવેલા વડીલ સંતે સર્જનને પ્રત્યુત્તર આપતાં કહ્યું.

આ પછી માંદા સંતને સ્વામિનારાયણ મંદિરે લાવવામાં આવ્યા ત્યાં રહેલા સંતોએ હાથ કપાવવાના રિપોર્ટની વાત સાંભળી ત્યારે 'અરે ! કાંડેથી હાથ કપાવવા પડશે તોતો પરેશાનીનો પાર નહિ રહે!' સહુનાં મોંમાંથી સહાનુભૂતિના ભારે ચિત્કાર નીકળી ગયા પણ એમ કર્યા વિના હવે બીજો કોઈ ઉપાય નહોતો. ડોકટરના આવા સ્પષ્ટ અભિપ્રાયે સહુને વિમાસણમાં મૂકી દીધા હતા. આમ છતાં ત્યાં ઊભેલા પ્રભુપરાયણ એક વયોવૃદ્ધ સંતવર્યનો અભિપ્રાય પૂછવા સાથેના વડીલ સંતે કહ્યું, 'સ્વામી, ડોકટરે તો કાંડાં કાપવા જ પડશે એમ કહ્યું છે. આમાં હવે અમારે કેમ કરવું ? આપનો શો અભિપ્રાય છે ?'

આ દયાળુ સંતના અંતરમાં રહેલી અનુકંપા સળવળી ઊઠી. એમણે દયાભાવથી કહ્યું, 'કાંડેથી હાથ કપાઈ જાય તો પછી આ બિચારા સાધુ પોતાના દેહની બધી ક્રિયા કેવી રીતે કરી શકે ? એમ કરવાથી તો આ બાપડાના જીવનમાં દુઃખ અને પરાધિનતા જ આવી જાયને !' જરા ગંભીર બની જઈને એમણે આગળ કહ્યું, 'સંત તો પ્રભુનું સદાય હરતું ફરતું એક વિભૂતિ સ્વરૂપ કહેવાય. એને ખંડિત કેમ થવા દેવાય ? દાકતરે ભલે કહ્યું પણ આપણે એના હાથ કપાવવા નથી. આપણે મહારાજને સંભારીને દેશી ઉપચાર કરો એટલે શ્રીજીની કૃપાથી બધાય સારાવાનાં થઈ રહેશે. તમે સહુ શ્રદ્ધા રાખજો.'

પ્રભુનિષ્ઠ આ સંતની વાણીમાં સહુને વિશ્વાસ હતો એટલે કોઈ બીજું કશું બોલ્યા નહિ ને એમનો નિર્ણય સહુએ સ્વીકારી લીધો.

આ સંતનો આદેશ થતાં તુર્તજ જાણીતા વૈદ્ય દયાશંકરભાઈ અને બાલુભાઈને બોલાવવામાં આવ્યા. એમને સિવિલ સર્જનના રિપોર્ટથી વાકેફ કરાયા. એમણે સંતના હાથ તપાસી જોયા ને અંતમાં કહ્યું, 'આ કેસ

ગંભીર તો છે જ છતાં આપના કહેવાથી એક દેશી ઉપચાર કરીએ જોકે આમાં કોઈ ખતરો નથી એટલે અખતરો કરવામાં વાંધો નથી.'

આમ વિચારી વૈદ્યની સલાહ મુજબ પાંચ શેર દેશી એરંડિયું મંગાવ્યું તેને સરખે ભાગે બે પાત્રમાં ભરીને વૃદ્ધ સંતના હાથ એમાં રાખવામાં આવ્યા. બીજી બાજુ પેલા દયાળુ સંતે હાથમાં માળા લઈને રાતે પ્રભુને અંતરના અદકેરા પ્રેમભાવથી પ્રાર્થના આદરી.

સવાર થતાં તો આ સંતના હાથમાં થઈ રહેલી અસહ્ય કાળી બળતરા ઓસરવા લાગી પણ એ માટે પેલા પરમાર્થી સંત આખી રાત માળા ફેરવતા રહ્યા હતા ને સવારે ચાર વાગે માંદા સંત પાસે આવી એમણે પ્રેમથી પૂછ્યું, 'કેમ છે હવે ? હાથે કાંઈ ફેર પડયો કે એવી ને એવી જ બળતરા થાય છે ?'

'ના સ્વામી, પીડા ઘણી ઓછી થઈ ગઈ છે. હવે સારું છે.' માંદા સંતે આશાભર્યા સૂરમાં કહ્યું.

'હિંમત રાખીને મહારાજનું ભજન કરવું. મહારાજ બધું મટાડી દેશે' એમ કહી આ સંતવર્ય પોતાની પ્રાતઃક્રિયા કરવા ગયા. આ બાજુ સવાર થતાં તો આ સંતની પીડા સાવ શમી ગઈ ને એનો હર્ષ પણ એના મોં પર સ્પષ્ટ દેખાતો હતો. આથી સહુને ભારે નવાઈ લાગી. ખુદ ડો. સાહેબને બીજે દિવસે જયારે આ બતાવવામાં આવ્યું ત્યારે આ સંતના હાથ જોઈને એના આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. એના મોંમાંથી શબ્દો સરી પડયા, 'આ કોઈ દવાથી નહિ પણ કોઈ મહાન સંતની દુવાથી મટયું હોય એમ મને લાગે છે !!'

જેની પ્રભુપ્રાર્થનાથી આ દર્દ મટયું એ મહાન તપસ્વી સંત હતા સ્વામી કૃષ્ણજીવનદાસજી. પૂ. શાસ્ત્રીજી મહારાજના વડીલ ગુરુભાઈ માનત સ્વામી અને માંદા સંત હતા જેતપુરના સ્વામી રાધારમણપ્રસાદદાસજી ને વડીલ સંત કોઠારી સ્વામી હરિકૃષ્ણદાસજી એ જ એમને લઈને નિદાન માટે રાજકોટ આવેલા.

ગોંડલમાં જુના મંદિરમાં ૧૮ વર્ષ અને રાજકોટમાં બે વર્ષ સુધી મહંત તરીકે રહી આ પ્રભુ પરાયણ માનત સ્વામીએ અનેક દીન દુઃખિયાના આધિ વ્યાધિ ને ઉપાધિનાં દર્દો ટાળી પ્રભુના સન્માર્ગે વાળ્યા હતા. એમના જ કૃપાપાત્ર શિષ્ય પૂજ્ય જોગી સ્વામી હરિપ્રકાશદાસજી હાલ રાજકોટ ગુરુકુલમાં પ્રભુપરાયણ રહી અનેક મુમુક્ષુઓના તાપ–સંતાપને ટાળી રહ્યા છે.

## પ્રસંગ ૫: સંતોની સખાતે

'પ્રભુ, બીજું તો અમો આપને શું કહીએ પણ મોટી બોરુનો ગગનગર બાવો આપણા સાધુને મારઝૂડ કરીને જે ત્રાસ આપે છે ઈતો અમારાથી કેમેય જોયું કે સહ્યુંય થાતું નથી.' નાની બોરુ ગામને ગોંદરે થોડી વિશ્રાંતિ લેવા રોકાએલા મહાપ્રભુ ભગવાન સ્વામિનારાયણ પાસે ફરિયાદ કરતા દેવચંદ શેઠે ભારે વિષાદ સાથે કહ્યું.

'અરે ભલા માણસ, તમે આટલા બધા છો ને એ બાવો વગર વાંકે નિર્દોષ સાધુને માર મારી હેરાન કરે ! તોય તમે સાધુનું ઉપરાણું નથી લેતા !' શ્રીહરિએ આશ્ચર્યભેર હળવી ટકોર કરતાં કહ્યું.

'પણ મહારાજ, ઈ ભૂંડાને દરબાર આપાભાઈનો ઓથ છે, નહિ તો અમેય ઈ લબાડને ક્યારનોય સીધો કરી દેવી એમ છીએ.' ચીકા પંડયાએ ભારે ચીડ ને રોષ સાથે કહ્યું.

'ભણે મહારાજ, એ કામ અમને જ સોંપોને ? એ ગોલકુનાને જરા ઠમઠોરીને પૂજા કરીએ જેથી એ ગધીનો સંતોનું નામ લેતો ભૂલી જાય !' સૂરા ખાચરે જરા અકળાઈ જઈને કહ્યું.

શ્રીજીએ આ સાંભળીને કહ્યું, 'જુઓ દરબાર, આપણે રહ્યા વટેમાર્ગુ એટલે આવો ઝઘડો કરવો એ આપણને ન પોસાય પણ આજે એનો કાંઈક રસ્તો તો જરૂર કાઢવો પડશે.' એમ કહી શ્રીજીએ દેવચંદ શેઠને જ કહ્યું, 'આ તમારા નાની બોરુ ગામના મુખી કોણ છે ? એમને જ અમારી પાસે અહીં બોલાવી લાવોને ?'

શ્રીજીનો આદેશ થતાં શેઠ ઉપડતે પગલે રાજપૂત વીહાભાઈ મુખીને ઘેર જઈ એમને બોલાવી લાવ્યા. વીહાભાઈએ આવી મહારાજને પ્રણામ કર્યા એટલે શ્રીજીએ એમને સુધારેલ શેરડીની પ્રસાદી આપી અને પ્રસન્નતાથી કહ્યું, 'જુઓ વીહાભાઈ, તમે આ ગામના મુખી છો ને વળી પાછા ક્ષત્રિય, એટલે તમારા ક્ષાત્રધર્મ પ્રમાણે તમારે બ્રાહ્મણ, ગાય અને સાધુની રક્ષા કરવી એતો કુળપરંપરાનો ધર્મ, ખરુંને ?'

'હા પ્રભુ, મારે લાયક કાંઈ કામકાજ હોય તો મને કહેજો. હું ઈમાં કદી પાછીપાની નહિ કરું.' મુખી વીહાભાઈએ મક્કમતાથી કહ્યું.

'તો જુઓ, વીહાભાઈ, આ તમારા જ નાનીબોરુ ગામની સીમમાં અમારા નિર્દોષ સાધુને રસ્તામાં આંતરીને મોટી બોરુનો બાવો વગર વાંકે ચીપિયાથી માર મારે, અપશબ્દો બોલી ભૂંડી ગાળો ભાંડે, પત્તરતુંબડાં તોડીફોડી નાખે, મૂર્તિઓ ને વસ્ત્રો ફાડી નાખે. આવો ત્રાસ છે તોય ગામના કોઈ કશું બોલે નહિ તેમ બે

શબ્દો કહી બાવાને રોકે નહિ એટલે એનો ત્રાસ હવે માઝા મૂકતો જાયછે તો તમારે આ ગરીબ સાધુઓની સખાતે–વહારે ચડીને એમનું રક્ષણ કરવાનું છે. બોલો, તમારાથી આ બનશે ?' શ્રીજીએ મુખીને અર્થસૂચક પ્રેરક પ્રશ્ન કર્યો.

'અરે પ્રભુ, તમે કહોને આવું ધર્મનું કામ કેમ ન બને ? હવે ઈ મારી જવાબદારી. આજથી તમારા સાધુનું ઈ બાવો કદી નામ ન લીએ એવો બંદોબસ્ત કરી દઉં પછી શું ?' વીહાભાઈએ કહ્યું.

આથી પ્રસન્ન થઈ પ્રભુએ વીહાભાઈને માથે હાથ મૂકી અંતરના શુભાશિષ આપીને સહુને જય સ્વામિનારાયણ કહી ત્યાંથી વિદાય લીધી.

આ બાજુ વીહાભાઈએ પોતાને બોલાવીને પ્રભુએ સોંપેલ આ પરમાર્થનું કાર્ય તુર્તજ પાર પાડવાનો મનમાં દૃઢ સંકલ્પ કર્યો. ઘેર ન જતાં પોતાની ઘોડી ઘેરથી મંગાવીને સીધી મોટી બોરુની વાટ પકડી.

આપાભાઈના આંગણે આવી ઘોડી ઉભી રાખી એથી એમણે બહાર આવી રામરામ કર્યા એટલે વીહાભાઈએ સીધો સવાલ કર્યો, 'તમારા ગામનો ગગનગર બાવો સ્વામીના સાધુને વગર વાંકે શું લેવા મારઝૂડ કરે છે ? એને રોકનાર કે કાંઈ કહેનાર આ ગામમાં કોઈ છે કે નહિ ? ઈના મનમાં ઈ બાવલિયો શું હમજે છે ?'

'જુઓ વીહાભાઈ, તમે આમ આકરા ન થાવ. ઈ ગાયો ગાયો લડે–ઝઘડે એમાં આપણે કાંઈ લેવાદેવા વગર વચ્ચે પડીને વેરઝેર ઊભું કરવાનું ન હોય.' આપાભાયે દંભનો ડોળ કરતાં કહ્યું.

'દરબાર, હવે બસ કરો. તમે ગાય ગણીને ઈ ગોધાને ભલે પંપાળો પણ હવે પછી જો ઈ સ્વામીના સાધુનું નામ લેશેને તો હું ઈને માર્યા વિના નહિ મૂકું પછી ભલે જે થવાનું હોય એ થાય.'

'પણ વીહાભાઈ, તમે ઈને એકલો ન માની લેશો. ઈની પાછળ કોઈક તો હશેજ ને ?' દરબારે મરમ ભરમ સાથે યાદી આપતાં કહ્યું.

આ સાંભળતાં શૂરવીર વીહાભાઈનું ક્ષાત્રલોહી ઉકળી ઉઠયું એણે આપાભાઈને રોકડું પરખાવતાં કહ્યું, 'તો સાંભળી લ્યો દરબાર, હવે જેને આવવું હોય ઈ ભલે હાલ્યા આવે. ઈમાં હવે કોઈ સારાવાટ નથી. એટલુંજ નહિ, તમારે ઈને હંઘરવો હોય ત્યાં હંઘરજો. અમે એને ઝાટકે દેશું. દરબાર, યાદ રાખજો નાની બોરુમાં અમારા રજપૂતનાં ત્રીસ ઘર છે. ઈ બધાય કામ આવી ગયા પછી સ્વામીના સાધુ પર હાથ ઉપડશે

!!' અમારી બાયડિયુંતો નાતરેય જાય પણ તમારી ઓઝલ પડદાવાળિયુંને ખૂણા ન ખોળવા પડે ઈનું ધ્યાન રાખજો.'

વીહાભાઈનો આવો કડક મિજાજ જોઈ આપાભાઈ કહેવા લાગ્યા, 'મુખી, શાંત થાવ ને હોકા કસુંબા પીતા જાવ.' પણ વીહોભાઈ ઘોડીએથી હેઠા ન ઉતર્યા ને ચડયે ઘોડે નાની બોરુ આવતા રહ્યા.

આ પછી તુર્તજ આપાભાઈએ ગગનગરને બોલાવી બધી વાત કરી ને ચેતવણી આપતાં કહ્યું, 'આજ પછી ભૂલેચૂકેય સ્વામીના સાધુને કાંઈ ચાળો કરીશને તો વીહોભાઈ તને વાઢી નાખશે. તારા સારુ પડોશમાં રજપૂતો સાથે વેર બાંધવું અમારે નહિ પોહાય, હમજયોને?'

આપાભાઈએ બતાવેલ વીહાભાઈના ડરથી ગભરાએલ ગગનગર ત્યાંથી બીજે કયાંક જતો રહ્યો. આમ શ્રીહરિની પ્રેરણા ને વીહાભાઈની આવી સખાતથી સંતોને કાયમનો ત્રાસ ટળી ગયો.

## પ્રસંગ ૬: સંતવર્યનું સામર્થ્ય

જૂનાગઢ નાગરવાડમાં વાત પ્રસરી કે સ્વામિનારાયણના મંદિરમાં ભારે મોટી વિશાળ હવેલીના પાયા ખોદાઈ રહ્યા છે. આ માહિતી મળતા જિજ્ઞાસુઓ ત્યાં જોવા આવવા લાગ્યા.

સદ્.ગુણાતીતાનંદ સ્વામી અને બાંધકામની આગવી સૂઝ ધરાવતા સ્વામી કૃષ્ણસેવાદાસજીની દોરવણી પ્રમાણે ઉત્સાહી સંતો, શ્રદ્ધાળુ પાળાઓ અને સેવાભાવી હરિભકતો ભારે મહિમાથી શ્રમસેવા કરીને દોઢ બે માથોડા ઊંડા ગાળેલા પાયાઓ મોટા મોટા ભારે પથ્થરોથી પૂરી રહ્યા હતા. હરિભકતો ગાડાં ભરી ભરીને કાળવામાંથી પથ્થરો લાવતા હતા. નદીમાંથી લાવવામાં આવેલ પાણાઓને પાયામાં નાખે એટલે ત્યાં ઊભા રહી પૂ. સ્વામીશ્રી બોલે 'હવે એને કાઢવા હરામ.'

નાગરો જોવા આવે. એમાં કેટલાક આ જોઈને રાજી થાય તો કેટલાક દ્વેષિલાઓને પેટમાં બળતરાય થાય. નાગરવાડમાં બંધાએલ સ્વામિનારાયણનું ભવ્ય મંદિર જ આંખમાં કણાની જેમ ખૂંચતું હોય તેમાં આવી વિશાળ હવેલી બંધાતી અદેખાથી તો કેમ દેખી જાય ?

મંદિરના નિર્માણ વખેતય ઘણાય કાવાદાવા કરેલા પણ કારી નહોતી ફાવી. આમ છતાં આ હવેલીના બાંધકામમાંય વિધ્ન નાખવા ઈર્ષાળુઓ એકઠા થયા ને કાંઈક કડી શોધવા લાગ્યા એમના ધ્યાનમાં એક

બાબત આવી. આથી હરખમાં આવી જઈને એકાદ બે વગદારનાગર અમલદારોને આગળ કરીને એમણે સરકારમાં સ્વામી મંદિર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે સ્વામી મંદિરના માણસો રાજયની પરવાનગી વગર કાળવા નદીમાંથી રાજયની માલિકીના ઘણા પથ્થરો ઉઠાવી ગયા છે.

ફરિયાદ થતાં વજીરે એ અંગે તપાસ કરાવી તો કાળવા નદીમાંથી સ્વામી મંદિરના માણસો વગર પરવાનગીએ પાણા ઉઠાવી ગયાના પુરાવાઓ મળ્યા. આથી અધિકારીઓએ આ બાબત અંગેનો ખુલાસો કરી જવા ફરમાન છોડયું.

રાજ તરફથી ફરમાન મળતાં પૂ. સ્વામીશ્રી તો વિચાર કરતા થઈ ગયા. રાજમાં આગેવાન ગણાતા એક બે હરિભકતોને આ બાબત અંગે પૂછી જોયું એટલે સહુનો મત પડયો કે નદીમાંથી લીધેલા પાણા આમ તો કોઈની માલિકીના ન ગણાય. આમાં કોઈ ગંભીર ગુનો બની જતો નથી પણ આપણે અગાઉ રાજયમાં આ અંગે પરવાનગી મેળવી હોત તો સારું હતું. હવે અધિકારીઓ પાસે જવા કરતાં સીધા નવાબ સાહેબને આ વાત કરીએ જેથી કાંઈક સરળ રસ્તો મળી જશે.

પૂજય સ્વામીશ્રી બે ત્રણ હરિભકતો અને બે ત્રણ સંતોને સાથે લઈ નવાબ સાહેબને બંગલે પધાર્યા. સ્વામી મંદિરેથી સંતો ખાસ મળવા આવ્યાનું જાણીને નવાબશ્રીએ તુર્તજ મુલાકાત આપી પૂ. સ્વામીશ્રી જેવા સંત વિભૂતિના દર્શન થતાં નવાબ સાહેબે બે હાથ જોડી નમસ્કાર કર્યા ને યોગ્ય આસન આપી બેસાર્યા ને અહીં આવવાનું કારણ પૂછયું એટલે પૂ. સ્વામીએ કાળવામાંથી સાધુઓની ધર્મશાળા બાંધવા માટે પથ્થર લીધાની વાત કરીને ઉમેર્યું, જોકે આમાં અગાઉથી પરવાનગી લેતા અમે ભૂલી ગયા છીએ.

સાથેના હરિભકતોએ નવાબ સાહેબનું ધ્યાન દોરીને કહ્યું 'કાળવામાં પડેલા નકામાં પાણા અમે ધોળે દિવસે લાવ્યા છીએ. આમ છતાં અમારા કોઈ વિરોધીએ આ બાબતને રાજનો ગુનો ગણી અમારા વિરુદ્ધ ફરિયાદ કરી છે. એ બાબત માટે આ સંતો આપને મળવા ખાસ બંગલે પધાર્યા છે.'

આ સાંભળી હસતા હસતા નવાબ સાહેબે કહ્યું, 'હશે, આ બાબતમાં યોગ્ય કરી આપવા હું વજીરને જાણ કરી દઈશ.'

બીજે દિવસે પૂજ્ય સ્વામીશ્રી વજીરને મળ્યા અને પાણા અંગે સ્પષ્ટતા કરતા કહ્યું, 'અમે તો નદીમાં પડેલ પથ્થરો લીધા છે પણ કોઈના ભેળા કરેલા ઢગલામાંથી તો પાણા લીધા નથી. હા અમે અગાઉથી જાણ કરવાનું ભૂલી ગયા. આવી બાબતમાં જાણ કરવાની હોય એનો અમને ખ્યાલ નહોતો.'

'પાણાની તો કોઈ કીમંત નથી પણ આપ લોકો રાજની પરવાનગી વગર એ લઈ ગયા એથી વિરોધીઓને મોકો મળી ગયો. એ અંગે ફરિયાદ થઈ છે એટલે અમારે આ બાબત હાથમાં લેવી પડી નહિ તો કોઈ મુશ્કેલી નહોતી.' વજીરે પોતાનું મંતવ્ય કહ્યું.

'હવે આ અંગે અમારે શું કરવાનું રહે છે ? અમો નવાબ સાહેબને કાલે મળી આવ્યા છીએ.' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરતાં કહ્યું.

'હવે તો તમારે રાજ નકકી કરે એટલી થોડી રકમ આ પથ્થર પેટે ભરવાની રહેશે એટલે ફરિયાદનો નિકાલ આપોઆપ આવી જશે.' વજીરે ચુકાદો સમજાવતા કહ્યું.

'પાણાની કોઈ કિંમત નથી આમ છતાં તમે એ અંગે પૈસા ભરવાનું કહોછો તો અમે લીધેલા પાણા સાટે પાણા પાછા આપી દેવાની વ્યવસ્થા કરશું પછી તો કોઈને કાંઈ કહેવાનું કે ફરિયાદ કરવાનું કારણ નહિ રહેને ?' સ્વામીશ્રીએ પોતાનું મંતવ્ય રજુ કર્યું.

'પથ્થર તો આપ લોકોએ પાયામાં પૂરી દીધા છે. તો અ પાછા શી રીતે આપશો ?' એક અમલદારે આશ્ચર્ય સૂચક ટકોર કરતા જણાવ્યું અને ઉમેર્યું, 'એમ કરવા કરતાં થોડાં નાણાંજ ભરીદોને એજ એનો સરળ ઉકેલ છે.'

આ સાંભળી સ્વામીશ્રીએ મંદમંદ હસતાં કહ્યું, 'નાણાં તો અમારા બાવા સાધુ પાસે કયાંથી હોય ! તમારે પાણાનું જ કામ છેને? પાણા તમોને પાછા મળી જાય અને લીધા કરતા વધારે પછી તો રાજને કોઈ વાંધો નહીં રહેને ?'

વજીરને પૂ.સ્વામીશ્રીની વાત ગળે ન ઉતરી પણ એમની સામે એ વધારે કાંઈ બોલી ન શકયા ને વિચાર કરતા રહ્યા. સ્વામીશ્રી તો આમ કહીને મંદિરે આવતા રહ્યા. મંદિરમાં બેસી ધ્યાન કરી શ્રીજીને પ્રાર્થના કરતાં કહ્યું, 'પ્રભુ, આ ડુંગરામાં પાણાની કયાં તાણ છે ? આપ તો કર્તુંમકર્તું ને અન્યથાકર્તું શકિત ધરાવો છો. માટે કાળવામાં પાણા પાથરી દેતા તમારે શી વાર !'

શ્રીજીએ સ્વામીની અરજ માન્ય રાખી હોય એમ રાતવેળાએ ઉપરવાસ ડુંગરાઓમાં ભાદરવાનો મોટા છાંટે એવો ધોધમાર વરસાદ વરસાવ્યો કે પારવગરના નાનામોટા પથ્થરઓ પાણીમાં તણાઈ આવ્યા ને કાળવામાં એ પાણા પથરાઈ ગયા.

સવારે સ્વામીશ્રી એ તરફ જોઈ આવ્યા. ખૂશ થઈ પ્રાર્થના કરતાં કહ્યું, 'વાહ પ્રભુ, વાહ ! આપે તો અમારી ચિંતા ટાળી દીધી.'

વજીર પાસે બે હરિભકતો મોકલીને સ્વામીશ્રીએ કહેવડાવ્યું કે અમારી પ્રાર્થના પ્રભુએ સાંભળી છે અને તમારા લીધેલા પાણા કરતાંય વધારે પાણા પ્રભુએ કાળવામાં ત્યાં પાથરી દીધા છે. એ અંગે આપ ખુદ ત્યાં જઈને ખાતરી કરી આવજો.'

આથી વજીર અધિકારીઓ સાથે કાળવામાં તપાસ કરવા ગયા. એ પહેલાં તો ફરિયાદીઓ ત્યાં પહોંચી ગયા હતા. એ શરમિંદા બની ચારે કોર ફરીને પાણા જોઈ રહ્યા હતા. વજીર એમને મળ્યા. કોઈ કશુંય બોલ્યા નહીં. સહુ અંતરમાં બધું જ સમજી ગયા હતા. સંતના સામર્થ્યનો એમને પરચો મળી ગયો હતો.

## પ્રસંગ ૭: સ્થિતપ્રજ્ઞ ભક્તરાજ

એક સમજુ અને સ્થિતપ્રજ્ઞ ભકતજનના પ્રેરણાદાયી જીવન પ્રસંગની આ વાત છે. પોતે બન્ને આંખે અંધ બન્યા ને અધૂરામાં પૂરું વળી ઘરભંગ પણ થયા. આમ છતાં એમની ઉચ્ચ સમજણમાં અને પ્રભુનિષ્ઠામાં આ વિકટ વિટંબણાની વિપરીત અસર થવા નહોતી પામી. 'દાસના દુશ્મન હરિ કદી હોય નહીં જે કરશે તે ઠીક જ હશે.' આ સૂત્ર એમના જીવનમાં જડાઈ ગયેલું.

આ ભકતને સંતાનમાં એક દીકરો ને એક દીકરી. દીકરાના લગ્ન થયાં ન હતાં અને દીકરી તો પરણીને સાસરે ગયેલી પણ વિધવા થવાથી પિયરમાં આવી અંધ પિતાજીની સેવામાં રહી ગઈ હતી. દીકરો ખંતથી ખેતીનું કામકાજ કરે. દીકરી ઘરનું કામ સંભાળે પણ બન્ને બેનભાઈ પિતાજીની અનુવૃત્તિ બરોબર જાળવે.

ઘરમાં તેમજ વ્યવહારમાં પ્રભુકૃપાથી બધુંય સાનુકૂળ ચાલતું હતું પણ પ્રભુને આ સ્થિતપ્રજ્ઞ ભક્તની કસોટી કરવી હોય એમ એની માથે અણધારી આફત ઉતરી આવી. એકનો એક અને કમાઉ દીકરો ગંભીર માંદગીમાં સપડાયો. ગામડા ગામમાં એ જમાનામાં સારવારેય બીજી શું ઉપલબ્ધ હોય ! એટલે એમણે ઘરગથ્થું ઉપચાર કર્યા પણ દર્દમાં કોઈ ફેર ન પડયો.

આયુષ્ય ખૂટી ને શ્રીજી મહારાજ એને તેડવા પધાર્યા. અંતરિક્ષમાં રહી દર્શન આપ્યા અને કહ્યું, 'અમે તો તને તેડવા આવ્યા છીએ પણ તું બાપાને આ અંગે પૂછી જો. એ જો રાજી થઈને રજા આપે તો તને અમારા ધામમાં તેડી જઈએ.'

આ સંવાદ સાંભળી બાજુના ખાટલે બેસી માળા ફેરવી રહેલા ભગતે સહર્ષ પૂછ્યું, 'બેટા, અત્યારે કોની સાથે વાતો કરે છે ? પ્રભુ પધાર્યા છે કે શું ?'

'હા બાપા, મહારાજ મને તેડવા તો આવ્યા છે પણ કહે છે કે બાપા રાજી થઈને રજા આપે તો જ તેડી જઈએ.'

'અરે બેટા ! તો તો ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય. તું તારે ખુશીથી ધામમાં જા. હું એમાં તો ખૂબ રાજી છું. તું અમારી આહીંની જરાય ચિંતા કરીશમા. અમે તો અહીં ગમે તેમ રોડવી લેશું. તું સુખિયો થઈજા, દીકરા !'

વિચાર કરીએતો ખ્યાલ આવે. કયો બાપ આવી કપરી પરિસ્થિતિમાં પરવાનગી આપે ! પોતાના દીકરાના આયુષ્ય માટ પ્રભુને કેટલાય કાલાવાલા ને આજીજી કરવા મંડી પડે. સંતાન પ્રત્યની મમતા માબાપને ન જ છૂટે.

પિતાજીની પરવાનગી મળતા પુત્ર પ્રભુ સાથે ધામમાં સિધાવ્યો. એના અવસાનની જાણ થતાં સંબંધીઓ તેમજ પાડોશીઓ દોડી આવ્યા. સહુએ ગમગીન બની સદ્‌ગતની દેહક્રિયા કરી. અંતમાં સહુ ભગત પાસે ખરખરો કરવા ભેળા થયા ને ખેદ કરતાં ! કહેવા લાગ્યા, 'ભગત, તમારે તો ભારે થઈ ! તમે આંખે અંધ ! દીકરી વિધવા ! પત્ની પરલોકે ગઈ ને દીકરો પણ એની પાછળ ગયો. ઘરમાં કામ કરનાર હવે બીજું કોઈ રહ્યું નહિ ! આતો ભારે ઉપાધી આવી પડી.'

બધાયનો ખરખરો અને ખેદ સાંભળી ભગત બોલ્યા, 'જુઓ, ભાઈઓ ભગવાનને ગમ્યું એ ખરું ! દાસના દુશ્મન હરિ કદી હોય નહિ. પત્ની અને પુત્ર ભગવાનના ધામમાં ગયાં. વહેલું કે મોડું સહુને અહીંથી જવાનું છે. એનો શોક કરવાથી કશુંય વળતું નથી. ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું ગોવિંદ ગોપાળ. આમ, નરસી મેતાના જેવું મારે થયું છે. મને એનું અંતરમાં દુઃખ કે મનમાં શોક નથી.'

હવે ઘરમાં બાપ અને દીકરી બેજ બાકી રહ્યાં. ભગવાનના ભજન સ્મરણ સાથે ઘર–વહેવાર ચલાવ્યે રાખે છે. સંબંધીઓ ખેતી કામમાં સહાય કરે છે. એમ ભગતનું ગાડું આગળ ગબડયે જાય છે પણ ભગવાનને

પોતાના આ ભકતને કેમ જાણે તળિયા સુધી તપાસી લેવો હોય એમ છ સાત માસ વીત્યા ત્યાંતો દીકરીય બીમાર પડી.

એવામાં એક રાતે શ્રીજીએ આવીને દીકરીને દર્શન દીધા ને કહ્યું, બેટાં, તારુય આયુષ્ય પૂરું થયું છે એથી અમો તનેય ધામમાં તેડી જવા આવ્યા છીએ પણ તું ગયા પછી બાપાની સેવા–ચાકરી કોણ કરશે ? બાપાને તું જરા પૂછીતો જો.'

'હા, પ્રભુ ! મનેય અંધ બાપાની ચિંતા તો મનમાં થાય છે. હું માંદી માંદીય એમની સેવા કરું છું. મારા ગયા પછી એમની હાલત કફોડી થઈ જશે. મહારાજ, મને મેલી જાવતો સારું ! મારાથી બાપાને આ વાત કેમ પૂછાય !' દીકરીએ રડસમ અવાજે કહ્યું.

આ બોલાશ સાંભળી બાપાની ઊંઘ ઉડી ગઈ ને બોલી ઉઠયા, 'બેટા, તાવમાં બબડેશ કે મહારાજ તનેય તેડવા આવ્યા છે ?'

'બાપા, મહારાજ તો તેડવા આવ્યા છે ને વાટ જુવે છે ને કહે છે કે તારી આવરદા પૂરી થઈ છે પણ બાપાની સેવા કોણ કરશે? બાપા રાજી થઈને રજા આપે તો જ તને સાથે તેડી જઈએ.'

'બેટા, તારી શું ઈચ્છા છે, બોલ ?' પિતાએ પ્રશ્ન કર્યો 'બાપા, મને તો તમારી ચિંતા થાય છે.' દીકરીએ દિલની દિલગીરી વ્યક્ત કરતાં કરતાં કહ્યું.

'બેટા, તું મારી તો જરાય ચિંતા કરીશમા, કોઈ જાતની ઈચ્છા મનમાં રાખીશમા ને તું ખુશીથી પ્રભુ સાથે ધામમાં જા. મારી ચિંતા તો ભગવાન કરશે. મને તો ચિંતા થયા કરતી હતી ! મારા ગયા પછી તારું શું થશે ! પણ આ તો ભારે પાધરું પડી ગયું. મહારાજ તેડવા આવ્યા છે તો જા બેટા, જા.'

પિતાજીની રજા મળી. પુત્રીય પ્રભુ સાથે ધામમાં ગઈ. સવારે ખબર પડતાં પાડોશીઓ ને સંબંધીઓ હાંફળા ફાંફળા બની દોડી આવ્યા. અંધ પિતા તો પ્રભુ સ્મરણ કરી રહ્યા હતા. ભગતનું કાર્ય છે. સહુ પોતાની ફરજ સમજીને પુત્રીની દેહ ક્રિયા કરી આવ્યા ને પછી સહુ ભગત પાસે બેઠા અને આગેવાનો કહેવા લાગ્યા, 'ભગત, તમારે માથે તો ભારે થઈ. એક પછી એક વિપત્તિઓ આવ્યા કરે છે. તમે ભક્તિ તો ઘણીય કરોછો પણ આ દુઃખ તો તમારો સગડ મેલતું નથી. વળી આ વખતે તો તમ પર જાણે આભ જ તૂટી પડયું છે. ઘરમાં કોઈ રહ્યું નહિ. તમારે તો દુકાળમાં અધિક માસ જેવું થયું.'

બધાયનું શાંત ચિત્તે સાંભળીને પછી ભગત જરાય અકળાયા વગર બોલ્યા, 'આપ સહુ કહો છો એ વાત તો જાણે સાચી. મારા જીવનમાં એક પછી એક આવા આંચકા આવ્યા કરે છે. છતાં મારી ગાડી ગબડયે જાય છે. હું આ દુઃખને દુઃખજ માનતો નથી. મારે તો સંતાનોની ચિંતાનો બોજ હળવો થઈ ગયો. મારે હવે બીજા કોઈની ચિંતા ન રહી. હું નચિંત થઈ ગયો. પત્ની તથા બંને સંતાનને પ્રભુ દર્શન આપી ધામમાં તેડી ગયા એથી રૂડું બીજું શું ? મરી તો સહુને જવું છે. આવું મૃત્યુ તો ભાગ્યશાળીને મળે ! સાચું કહું હું તો હવે સાવ હળવો થઈ ગયો.'

બીજાને આમ ધીરજ આપનાર આ સ્થિતપ્રજ્ઞે પોતાની ધીરજ કેવી કેળવી હશે ! એ હતા બોટાદ પાસેના સિરવાણિયા ગામના કાઠી હરિભક્ત ગીગા ધાધલ. એમણે મહારાજના દર્શન કરેલા અને સદુપદેશ સાંભળીને જીવનમાંય ઉતારેલો.

ગીગા ધાધલ ખરેખર સ્થિતપ્રજ્ઞ ભક્તરાજ હતા. ગમે તેવા વિકટ સંકટમાં એની સમજણ સ્થિર રહી શકતી. આ નિષ્કામ ભક્તને આધિન પ્રભુ વર્તતા હતા છતાં એણે પ્રભુ આગળ પોતાનું એકેય દુઃખ દૂર કરવા પ્રાર્થના તો ન કરી પણ એવી ઈચ્છાય ન કરી.

હરિ રાખે એમ સદાય રહેવા એ તત્પર રહ્યા. પ્રભુની ઈચ્છા એ પોતાનું પ્રારબ્ધ. પ્રભુ જે કરે એમાં પોતાનું ભલું હોય એમ માની જીવનની વિકટ સમસ્યાઓમાં પોતાની સમજણ અને સ્થિતિમાંથી ચલાયમાન ન થયા. એ નાનીસૂની વાત નથી.

દીકરીના અવસાનને બીજે દિવસે જ ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ બોટાદના શેઠ શિવલાલભાઈને દર્શન દઈને આ એકાંતિક અંધ ભક્ત માટે વ્યવસ્થા કરવા ભલામણ કરી દીધી. મહિમાવાળા શિવલાલ શેઠ તુર્તજ બોટાદથી સિરવાણિયા આવી ભક્તરાજ ગીગા ધાધલને મળ્યા. ગામલોકો ને સંબંધીઓને સાથે રાખી ભક્તરાજના જીવનપર્યંત નિર્વાહ માટે સરસ બંદોબસ્ત કરી આપેલો ને પોતે અવારનવાર આવી એની તપાસ કરી જતા ને જરૂરી રકમ પણ આપી જતા.

શિવલાલભાઈ ધામમાં જવાના થયા ત્યારે પોતાના પિતા ભગા દોશીને આ ભક્તજન અંગે ખાસ ભલામણ કરેલી.

## પ્રસંગ ૮: અંતરના આશિષ

'શાંત, બસ રાખ્ય હવે, માથું દુઃખતું હળવું થઈ ગયું છે. તેં તો ભાઈ, આ માંદગીમાં ભારે શ્રદ્ધાથી ખડેપગે સેવા બજાવી છે.' માથું દાબી રહેલા શિષ્યને ગુરુએ વહાલથી કૃતજ્ઞભાવે કહ્યું.

'સેવા તો બીજી હું શું કરું પણ આપ બે દિવસથી ખાસ કાંઈ જમ્યા નથી એટલે થોડુંક જમો તો મારા અંતરમાં નિરાંત થાય.' મમતાભરી લાગણીથી શિષ્યે કહ્યું.

'ભૂખ તો હજુય ખાસ નથી લાગી પણ તારો આવો આગ્રહ છે તો થોડુંક કાંઈક કરી લાવ્ય, બસ !' ગુરુએ અનુમતિ આપી.

ગુરુની અનુજ્ઞા મળતા શિષ્યના અંતરમાં અનેરો આનંદ છવાઈ ગયો. ઉત્સાહભેર ભંડારમાં જઈ એણે તુર્તજ ખીચડી ને કઢીની તૈયારી આરંભી દીધી. વળી નાની તપેલીમાં તુવેરદાળ ઓરી કુશળતાથી એનું ખીરું તૈયાર કરી નાની બે ત્રણ વેડમી પણ બનાવી લીધી. ઠાકોરજીને ખીચડી, કઢી ને વેડમી ધરાવી એણે ગુરુને ઠાકોર જમાડવા બોલાવ્યા.

ગુરુજી પણ એના હાથનો ટેકો લઈ ભંડારમાં જમવા પધાર્યા. ગુરુજીને ઓઠીંગણે બેસાડી પત્તરમાં પોતે થોડી ખીચડી, કઢી ન વેડમી પીરસ્યાં. શિષ્યે રુચિકર રસોઈ કરી હોવાથી ગુરુ એને રાજી રાખવા પ્રસાદ રૂપે થોડું જમ્યા. આથી શિષ્યના હૈયામાં ટાઢક પ્રસરી ગઈ.

ગુરુજીએ ચળું કરીને જળપાન કરતા કહ્યું, 'શાંત, તેં તો આજ થોડીજ વારમાં ખીચડી, કઢી ને સરસ વેડમી બનાવી પ્રભુનો પ્રસાદ મને ભાવથી જમાડયો. હું તારી આવી એકધારી સેવાથી ખૂબ રાજી છું. તારે મારી પાસે કાંઈ માગવાની ઈચ્છા હોય તો બોલ.'

'આપ મારી ઉપર ખૂબ રાજી છો, પછી બીજું મારે શું જોઈએ?'

'જો ભાઈ, આ તારા હાથનો છેલ્લો પ્રભુપ્રસાદ જમીને હું કાલે તો મહારાજના ધામમાં જવાનો છું તેથી જ મેં તને કાંઈક માગવાની આ વાત કહી છે.' ગુરુએ સ્પષ્ટતા કરતાં કહ્યું.

આ સાંભળતા તો શિષ્યનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. એ અવાચક બની ટગર ટગર ગુરુજીના મુખ સામે જોઈ જ રહ્યો. એની આંખમાં આંસુઓ ઉભરાઈ આવ્યાં. આમ છતાં એણે સ્વસ્થતા જાળવવા પ્રયત્ન

કરીને કહ્યું, 'આપના વિના હવે હું કેમ કરીને રહી શ...કી...શ ?'... આટલું તો એનાથી માંડ માંડ બોલાયું. ગળે ડૂમો આવી જતાં હૈયું ભરાઈ ગયું.

આથી ગુરુએ પરિસ્થિતિ વિચારી એને સાંત્વના આપતાં કહેવા માંડયું, 'જો ભાઈ, આમ દિલગીર ન થવાય. જેને માટે મેં આખી જિંદગી સાધના કરી, એ ભગવાન સ્વામિનારાયણ અંતકાળે મને તેડવા આવે અને એમની સાથે મારે અક્ષરધામમાં જવાનું થાય એનાથી રૂડો બીજો આનંદનો અવસર મારા માટે કયો હોય શકે !!'

'હું આપની છત્રછાયામાં મોટો થયો છું. આપે તો મને ભણાવવા ઘણોય દાખડો કર્યો પણ હું આળસથી કમનસીબે પૂરું ભણી ન શક્યો એનો હવે મનમાં ખૂબ પસ્તાવો થાય છે ! હું આપના વિના સત્સંગમાં કેમ નભીશ ?' અશ્રુભીની આંખે એણે પોતાની વેદના વ્યક્ત કરી.

આથી ગુરુએ કરુણાભીના થઈ પોતાનો વરદહસ્ત એના મસ્તકે મૂકીને વાત્સલ્યભાવે અંતરની આશિષ આપતા પ્રભુને સંભારીને કહ્યું, 'શાંત, તું ભલે વિદ્યા ન ભણી શક્યો પણ ભણવા જેવું તો તું જરૂર ભણી ગયો છો. તું ધર્મવાળો ને નિર્માની સેવક છો. તારી વિદ્યા સદાય તાજી રહેશે. તારામાં રહી ભગવાન સ્વામિનારાયણ બોલશે અને તારી મધુર વાણી સભામાં અસ્ખલિત વહેશે. ભગવાનની કથાવાર્તા કરવામાં તો તને કોઈ નહિ પહોંચે.'

ગુરુવર્યના અંતરના આવા આશિષ મળતાં શિષ્યના અંતરમાં થોડી શાતા વળી. એણે ધીરજ ધારણ કરી. વડીલ ગુરુભાઈઓ સાથે રહી ગુરુની અંતિમ વિધિમાં અપૂર્વ સેવા બજાવી.

અંતરના આવા આશિષ આપનાર હતા સદ્‌ગુરુ બ્રહ્મચારી શ્રી અચિંત્યાનંદજી અને આવા આશિષના અધિકારી હતા સત્શિષ્ય બ્રહ્મચારી શાંતાનંદજી.

ગુરુકૃપા પ્રાપ્ત થવી મહા દુર્લભ છે. નિષ્કામ સેવાભાવે ગુરુની અનુવૃત્તિમાં વર્તનાર સદ્ભાગી શિષ્ય જ એ પ્રાપ્ત કરી શકે છે. આવા ગુરુમુખી શિષ્યની સાધના અને મનોરથો સરળતાથી સિદ્ધ થાય છે.